# પૂ. લાલચંદભાઇના પ્રવચનો
# શ્રી સમયસાર, કળશ ૨
# તા. ૨૩-૬-૧૯૮૯, પ્રવચન ૧૨૯

**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।**
**अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।। २।।**

**[अनेकान्तमयी मूर्तिः]** એનો અર્થ કરે છે. **જેમાં અનેક અંત**, એટલે **(ધર્મ) છે એવુ જે જ્ઞાન તથા વચન તે-મય મૂર્તિ સદાય પ્રકાશરૂપ હો.** આ સરસ્વતીમૂર્તિના બે અર્થ કરશે. એક જ્ઞાન એ પણ સરસ્વતી છે અને વચન એ પણ, શબ્દબ્રહ્મ એ પણ સરસ્વતી સ્વરૂપ છે. જ્ઞાનના બે ભેદ કરશે, શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન.

**કેવી છે તે મૂર્તિ હવે?** એ બે પ્રકારની મૂર્તિ કહી, એ કેવી મૂર્તિ છે? **જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી** ભિન્ન **ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન તથા પરદ્રવ્યના નિમિત્તથી થતાં પોતાના વિકારોથી કથંચિત્ ભિન્ન એકાકાર છે**. આ અનંતધર્મી ભગવાનઆત્મા પોતાના અનંતધર્મોથી એકાકાર છે અને પરથી ભિન્ન છે. **એવા આત્માના તત્ત્વને,** આત્માના સ્વરૂપને **અર્થાત્ અસાધારણ, અસાધારણ-સજાતીય** એટલે પોતાનો જીવ અને બીજા અનંતા જીવો, એ સજાતીય છે. **વિજાતીય** પુદગલ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ, એ **દ્રવ્યોથી વિલક્ષણ** જુદું લક્ષણ જેનું છે. ચેતના લક્ષણ જુદું છે. પોતાની ચેતના જુદી, બીજા જીવોની ચેતના જુદી છે કેમ કે એમાં પ્રદેશ ભેદ છે, પદાર્થ ભેદ છે. માટે **સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ-નિજસ્વરૂપને, તે મૂર્તિ અવલોકન કરે છે-દેખે છે.** અવલોકન કરે છે-દેખે છે તે કેવળજ્ઞાન ને શ્રુતજ્ઞાન બેય-એ સરસ્વતી છે. અને એને જે દેખાડે છે એ દ્રવ્યશ્રુત છે એ પણ સ્વરૂપથી સરસ્વતી કહેવાય.

એટલે ઓમાં ઇષ્ટ દેવને નમસ્કાર કર્યા હતા, ને આમાં ગુરૂને અને વાણીને બેયને નમસ્કાર ભેગા એક શ્ર્લોકમાં કર્યા. જે ભાવશ્રુતજ્ઞાન છે તે પણ સરસ્વતી છે, અને વચન છે એ પણ સરસ્વતી છે. જિનવાણી પણ પૂજ્ય છે અને આત્મજ્ઞાની ગુરૂ ભાવશ્રુતજ્ઞાની, ઓલા પરમગુરૂ છે, એ પૂજ્ય છે. એટલે બેય, એક શ્ર્લોકની અંદર બેય લઇ લીધા. દેવ, ગુરૂ ને શાસ્ત્ર. જિનવાણી એટલે શાસ્ત્ર.

**ભાવાર્થઃ- અહીં સરસ્વતીની મૂર્તિને આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે**. આશીર્વાદ આપેને! એમ હું નમસ્કાર કરું છું 'હે જિનવાણી મારા સ્વરૂપની મને પ્રાપ્તિ થાય'. એમ ગુરૂને પણ નમસ્કાર કરે. એવી રીતે આશીર્વચનરૂપ નમસ્કાર કર્યો છે. **લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે.**

હવે પહેલા જ્ઞાનની વાત કરે છે. **જે સમ્યગ્જ્ઞાન છે તે સરસ્વતીની સત્યાર્થ મૂર્તિ છે.** હવે સમ્યગ્જ્ઞાનના બે ભેદ, **તેમાં પણ** સમ્યગ્જ્ઞાનમાં પણ **સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.** જુઓ! શબ્દમાં ભાવ ભરેલા હોય છે. **તેમાં પણ સંપુર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.** પદાર્થોને જાણે છે કેવળજ્ઞાન એમ ન લખતા પદાર્થો એમાં પ્રતિભાસે છે, એમ. પછી ઉપચારથી એને જાણે છે એમ કહેવાય પણ ખરેખર તો એનો

અહિયાં પ્રતિભાસ થાય છે. **તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે તેથી તે સરસ્વતીની મૂર્તિ છે.** મૂળ કેવળજ્ઞાનને સરસ્વતીની મૂર્તિ સ્થાપી. **તદનુસાર** એમ, કેવળી અનુસાર **જે શ્રુતજ્ઞાન છે** તે ભાવશ્રુતજ્ઞાન છે, સ્વસંવેદનજ્ઞાન છે, અતીન્દ્રિયજ્ઞાન છે. **તે આત્મતત્ત્વને**, આત્માના સ્વરૂપને **પરોક્ષ દેખે છે**. ઓલું પ્રત્યક્ષ છે અને આ પરોક્ષ છે. પ્રદેશને જાણતુ નથી માટે પરોક્ષ, સ્વસંવેદનથી પ્રત્યક્ષ **તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે**. **તે પણ**, કેવળજ્ઞાન તો સરસ્વતીની પ્રતિમા મૂર્તિ છે, એ પણ વંદનીક છે, પૂજનીક છે અને આ ભાવશ્રુતજ્ઞાન પણ વંદનીક અને પૂજનીક છે તે પણ સરસ્વતીની મૂર્તિ છે.

**વળી**, હવે સમ્યગ્જ્ઞાનની વાત પૂરી કરીને, **વળી, દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે, કારણ કે વચનો દ્વારા** વાણી પણ ઉપકારભૂત થાય છે ને? કેમ કે વાણી દ્વારા એનું વાચ્ય ખ્યાલમાં આવે છે. **કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.** કોણ? દ્રવ્યશ્રુત જિનવાણી!

**આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી જ્ઞાનરૂપ તથા વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીનાં નામ 'વાણી, ભારતી, શારદા, વાગ્દેવી' ઇત્યાદિ ઘણાં કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્'- પદથી એક ધર્મીમાં અવિરોધપણે સાધે છે તેથી તે સત્યાર્થ છે.** અહીં ધર્મો લેવા છે ને? અહીં ધર્મો લેવા છે. એકલા ગુણ નથી લેવા, પણ ધર્મો લેવા છે. ધર્મોમાં 'સ્યાત્' શબ્દ જોડાય છે. ગુણોમાં 'સ્યાત્' શબ્દ જોડાતો નથી કેમકે ગુણો છે એ નિરપેક્ષ છે અને ધર્મો છે એ પરસ્પર સાપેક્ષ છે, એક-અનેક વિગેરે. એટલે, ધર્મોમાં 'સ્યાત્' શબ્દ આવે. સ્યાત્ જ્ઞાન એમ ન આવે. સ્યાત્ એક એમ આવે. સ્યાત્ નિત્ય એમ આવે પણ સ્યાત્ શ્રધ્ધા, સુખ એમાં સ્યાત્ ન લાગે. એ તો સર્વથા, બસ. ગુણ છે તે નિરપેક્ષ છે, ધર્મો એ સાપેક્ષ છે. સાપેક્ષમાં સ્યાત્ આવે.

પાછું **'સ્યાત્' પદથી એક ધર્મીમાં**, એક આત્મામાં **અવિરોધપણે સાધે છે**, એ ધર્મ કહેવાય. આત્મા ચેતન પણ છે અને કથંચિત્ જડ પણ છે એમ ન હોય. સમજી ગયા? સ્યાત્ શબ્દ છે એમાં અવિરોધપણું આવવું જોઈએ. કથંચિત્ એક, કથંચિત્ અનેક, નિત્ય-અનિત્ય એમાં એમ આવે. કથંચિત્ ચેતન અને કથંચિત્ જડ એમ ન આવે. માટે, **અવિરોધપણે સાધે છે** સ્યાત્પદ, **તેથી તે સત્યાર્થ છે.** અવિરોધ છે માટે તે સત્યાર્થ છે.

એનો આગળ ખુલાસો આવશે, આપણે વાત થઈ હતી. સ્યાત્ શબ્દથી વિરોધ ટળી જાય છે. કોઈને એમ લાગે સત્ છે, સત્ હોય, અસત્ ન હોય, એક હોય અનેક ન હોય, એમ આવે, પ્રશ્ન થાય. સ્યાત્ શબ્દથી વિરોધ ટળી જાય છે. સ્યાત્ બસ. **કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.**

**કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મોવાળો કહ્યો છે તો તેમાં અનંત ધર્મો કયા કયા છે?** ગુણને પણ ધર્મ કહેવાય અને અપેક્ષિત ધર્મને પણ ધર્મ કહેવાય, એમ. "ગુણાઃ સ્વભાવા ભવંતી, સ્વભાવા ગુણા ન ભવંતી" ગુણને સ્વભાવ એટલે ધર્મ કહેવાય આત્માનો, પણ એક-અનેક એ ધર્મ છે એને ગુણ ન કહેવાય. "ગુણાઃ સ્વભાવાઃ ભવંતી" ગુણોને સ્વભાવ નામ ધર્મ કહેવાય પણ ધર્મને ગુણ

ન કહેવાય, ધર્મને ધર્મ કહેવાય. ગુણને ગુણ પણ કહેવાય ને ગુણને ધર્મ પણ કહેવાય. અને ધર્મને ધર્મ જ કહેવાય અને ગુણ ન કહેવાય. એમ એટલું.

**અનંત ધર્મો કયા-કયા છે? તેનો ઉત્તરઃ- વસ્તુમાં સત્પણું**-અસ્તિત્વ, **વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું,** બરાબર? આ તો બધા સામાન્ય લઈ લીધા, છએ દ્રવ્યમાં હોય. હવે **અચેતનપણું** એ પાંચ દ્રવ્યમાં હોય. **મૂર્તિકપણું** એક દ્રવ્યમાં હોય, પુદ્‌ગલમાં. **અમૂર્તિકપણું** પાંચમાં હોય **ઇત્યાદિ (ધર્મ) તો ગુણ છે**. આ જે છ કહ્યા એને તો ગુણ કહીએ છીએ અમે, આ બધા ગુણો છે. અચેતનના અચેતન પર્યાય છે, મૂર્તિકના મૂર્તિક પર્યાય થાય, અમૂર્તિક્ની અમૂર્તિક પર્યાય હોય એમ. એ બધું આવેને ઈ, એ ગુણમાં લીધું એમ. ધર્મમાં ન લીધું પણ ગુણમાં લીધું. **ઇત્યાદિ (ધર્મ) તો ગુણ છે.** હવે ગુણ સિદ્ધ શા માટે કરે છે કે ગુણની પર્યાય હોય માટે ગુણ કહીએ છીએ એમ. એ ન્યાય આપે છે. કોઈને એમ લાગે કે ભાઈ આમાં ધર્મ લાગે છે? કે ના! ગુણ છે અને ગુણની પર્યાય પણ થાય. **અને તે ગુણોનું**, છેને? **ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે-જે અનંત છે.** ગુણ કેમ કહ્યું કે એની પર્યાય થાય છે માટે એને ગુણ કહેવાય એમ. **વળી**, અસ્તિત્વ છે એ સતપણું કહ્યું. અસ્તિત્વ છેને હોવાપણું સતપણું.

મુમુક્ષુઃ- સામાન્ય ગુણને? સામાન્ય ગુણ?

ઉત્તરઃ- સામાન્ય ગુણ લીધો, બધામાં છે, એમ.

મુમુક્ષુઃ- અને વિશેષગુણ પણ લીધા?

ઉત્તરઃ- વિશેષગુણ લીધાને. ચેતનપણું લીધુંને. અને અચેતનપણું બીજામાં લીધું એમ. ઈ લીધું, વિશેષ ગુણો. પણ બીજો વિચાર મને આવ્યો કે અસ્તિ-નાસ્તિ, સ્વપણે છે અને પરપણે નથી, એમ પણ આવેને? તો અસ્તિત્વ તો હોવાપણું છે અને નાસ્તિત્વ પણ ઈ એનો જ પોતામાં નાસ્તિત્વ-પરપણે ન હોવું. પરપણે ન હોવું એવું નાસ્તિત્વ પણ પોતામાં છે. હવે અસ્તિત્વ છે તે તો ગુણ છે અને નાસ્તિત્વ પણ ગુણ છે. પરપણે ન હોવું એ પણ ગુણ છે એનો. પણ એ અનુજીવી ગુણ નથી, પ્રતિજીવી ગુણ છે. એટલે પરપણે પરિણમે જ નહીં, પરિણમે નહીં, પરિણમવા દયે નહીં એવો નાસ્તિત્વ નામનો એનામાં ગુણ છે. એટલે પરપણે પરિણમવા દયે જ નહીં, પરિણમી શકે જ નહીં. એ અસાધારણ વાત છે, સાધારણ નથી. અસ્તિપણે તો જ્ઞાન જાણવારૂપે પરિણમે પણ પરથી નાસ્તિ છે, પરનો એમાં અભાવ છે એટલે અન્યરૂપે ન પરિણમે. પુદ્‌ગલરૂપે, ધર્મ, અધર્મ, આકાશ, કાળરૂપે પોતે પરિણમે જ નહીં. ઈ પરિણમતો નથી એનું કારણ નાસ્તિત્વ છે અને પરિણમે છે એ અસ્તિત્વથી છે.

આમાં તો બેન, ત્યાં સુધી આવી જાય કે રાગરૂપે પરિણમે જ નહીં કેમ કે રાગ અચેતન અને જડ છે, એમ. એટલા માટે ત્યાં હું થોભી ગયો, વિચાર કરવા માટે, આપણે ક્યાં ઉતાવળ છે? કેમ કે નાસ્તિ છેને, એ પરના અભાવની અપેક્ષા લીધીને-પરપણે નથી, માટે એને પ્રતિજીવી ગુણ કહ્યોને? સમજી ગયા?

હવે, ઈ ઓલા પંડિતજી (ડો. હુકમચંદ ભારીલ્લ)એ એક બુક બહાર પાડી છે, "તીર્થંકર મહાવીર અને તેમનું સર્વોદય તીર્થ" (ગુજરાતી બૂક પાનું ૧૪૫) એમાં આ લીધું છે વિષય. એમાં

પ્રતિજીવી ગુણ, ઈ લઈ લ્યોને બુક જોઈ લઈએ, છે એમાં. એક વાર આપણે કાઢી હતી ફરીથી જોઈ લઈએ અત્યારે, એમાં શાસ્ત્રનો આધાર પણ આપ્યો છે એમણે. એક વખત બહુ સારું મંથન આનું કર્યું હતું, વાંચ્યુંને ત્યારે. શાસ્ત્રનો આધાર આપીને વાત કરે છે, એટલે. એનો પોતાનો હોય તો આપણે માનીએ નહીં.

"**ઉપયોગ લક્ષણ જીવનું જ છે**" એ દૃષ્ટાંત આપ્યું છે. આ વાક્યમાં જકાર એટલે **"જ" ("ही") હોવાથી એ સિદ્ધ થાય છે કે ઉપયોગ લક્ષણ અન્ય કોઈનું ન હોતા જીવનું જ છે.** તેથી જો એ**માંથી "જ" કાઢી નાખવામાં આવે તો ઉપયોગ અજીવનું પણ લક્ષણ હોય શકે છે.** એટલે "જ" કહીને જીવનું લક્ષણ છે અને બીજાનું નથી એ નિષેધ કરે છે. "ही" શબ્દ "જ" એમ.

હવે બીજો પારો, **પ્રમાણ વાક્યમાં માત્ર સ્યાત્ પદનો પ્રયોગ થાય છે**. જયારે પ્રમાણજ્ઞાન સિદ્ધ કરવું હોય ત્યારે જ માત્ર "સ્યાત્" નો ઉપયોગ કરી શકાય છે. **પરંતુ નય વાક્યમાં સ્યાત્ પદની સાથે સાથે**, પરંતુ નય વાક્યમાં સ્યાત્ પદની સાથે સાથે, સ્યાત્ તો જોડવું... **સાથે-સાથે** एव **"જ"નો પ્રયોગ પણ આવશ્યક છે**. **"જ" સમ્યક્ એકાંતનું સૂચક છે અને "પણ" ("भी") સમ્યક્ અનેકાંતનું (સૂચક છે)**.

હવે નીચે બગડો છે. **નયચક્ર પાનું ૧૨૯**. આ એનો આધાર-કોટેશન આપ્યો છે, નયચક્રનો, કે **પ્રમાણ વાક્યમાં માત્ર સ્યાત્ પદનો પ્રયોગ થાય છે,** એટલે સ્યાત્ નો જ પ્રયોગ થાય છે. પ્રમાણમાં "જ"નો પ્રયોગ ન થાય. "ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ સત્" "જ" આત્મા છે એમ એમાં પ્રયોગ ન થાય. નયમાં "જ"નો પ્રયોગ થાય એમ કહે છે. **પ્રમાણ વાક્યમાં માત્ર સ્યાત્ પદનો પ્રયોગ થાય છે, પરંતુ નય વાક્યમાં સ્યાત્ પદ**, સ્યાત્ તો લેવું, સ્યાત્ અસ્તિ જ, સ્યાત્ અસ્તિ જ.

મુમુક્ષુ:- એટલે આ અપેક્ષાથી આમ જ છે.

ઉત્તર:- એમ જ છે, હાં...એમ. એમાં "જ"નો પ્રયોગ થાય સ્યાત્‌ની સાથે-સાથે. પણ પ્રમાણમાં "જ"નો પ્રયોગ ન થાય, એમ કહેવા માંગે છે. નયચક્ર કાઢી લ્યોને આપણે. આમાં ૧૨૯ પાનું છે, પૃષ્ટ ૧૨૯ ઉપર છે, હમણાં જોઈ લઈએ.

નયમાં સ્યાત્‌ની સાથે "જ"નો પ્રયોગ લગાડવો. પ્રમાણમાં સ્યાત્ શબ્દ આવે, માત્ર સ્યાત્ પદનો પ્રયોગ થાય છે, "જ"નો પ્રયોગ નહીં એનો અર્થ. સ્યાત્ તો લાગે પ્રમાણમાં.

મુમુક્ષુ:- "પણ" આમાં હમણાં આવ્યુંને તમે કહ્યું "પણ" છે તે અનેકાંતનું સૂચક છે?

ઉત્તર:- હાં... એ આવ્યુંને **"જ" સમ્યક્ એકાંતનું સૂચક છે અને "પણ" સમ્યક્ અનેકાંત** એટલે પ્રમાણ.

મુમુક્ષુ:- એવું "પણ" છે, એવું "પણ" છે, એમ હોય તો તો પ્રમાણ થઈ ગયું તે.

ઉત્તર:- હાં!

મુમુક્ષુ:- આ નયચક્ર?

ઉત્તર:- નયચક્ર પૃષ્ટ ૧૨૯ એટલું લખ્યું છે.

મુમુક્ષુ:- ... પણ નયચક્ર કયો?

ઉત્તર:- એ નથી લખ્યું આમાં. એ નથી લખ્યું આમાં. આ રહ્યું છે, **સ્યાત્ અસ્તિ, સ્યાત્**

**નાસ્તિ, સ્યાત્ અસ્તિ-નાસ્તિ** એ. **પ્રમાણનય અને દૂરનયના ભેદથી યુક્ત સાત જ ભંગ હોય છે. સ્યાત્ સાપેક્ષ ભંગોને પ્રમાણ કહે છે, સ્યાત્ સાપેક્ષ ભંગોને પ્રમાણ કહે છે. નયથી યુક્ત ભંગોને નય કહે છે અને નિરપેક્ષ ભંગોને દૂરનય કહે છે.** બહુ ઝીણા અક્ષર છે. એ તો પછી વાંચી શકાશે, આવળું મોટું લાબું છે, બહુ મોટું પાનું ભર્યું છે, પછી વાંચશું, હમણાં રહેવા દયો.

હવે આગળ, **જોકે જૈન દર્શન અનેકાંતવાદી દર્શન કહેવામાં આવે છે, તોપણ જો એને સર્વથા અનેકાંતવાદી માનવામાં આવે તો**, સમજી ગયા? "**अनेकांतोंऽप्यनेकान्त: (અનેકાંતોપિ અનેકાંત:)**" આવશેને, **સર્વથા અનેકાંતવાદી માનવામાં આવે તો એ પણ તો એકાંત થઇ જાય**. **સર્વથા અનેકાંતવાદી માને તો તે પણ તો એકાંત થઇ જાય**, થઈ જશે. **તેથી જૈન દર્શનમાં અનેકાંતમાં પણ અનેકાંતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જૈન દર્શન સર્વથા ન એકાંતવાદી છે, ન સર્વથા અનેકાંતવાદી છે. તે કથંચિત્ એકાંતવાદી અને કથંચિત્ અનેકાંતવાદી છે. એનું જ નામ અનેકાંતમાં અનેકાંત છે.** કથંચિત્ એકાંતવાદી અને કથંચિત્ અનેકાંતવાદી, ઈ અનેકાંત છે, એમ. કથંચિત્ એકાંતવાદી અને કથંચિત્ અનેકાંતવાદી એનું નામ અનેકાંતમાં અનેકાંત છે.

**કહ્યું પણ છે**,

**अनेकांतोंऽप्यनेकान्त: प्रमाणनयसाधन:** ।

**अनेकान्त: प्रमाणात्ते तदेकांतोंऽर्पितान्नयात** ।। સ્વયંભૂસ્તોત્ર, શ્લોક 103

એ સ્વયંભૂ સ્તોત્રનું છે. **પ્રમાણ અને નય જેનાં સાધન છે એવું અનેકાંત પણ અનેકાંત સ્વરૂપ છે; કેમકે સર્વાંશગ્રાહી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાંતસ્વરૂપ અને અંશગ્રાહી નયની અપેક્ષાએ વસ્તુ એકાંતસ્વરૂપ સિદ્ધ છે.** નયની અપેક્ષાએ એકાંત છે અને પ્રમાણની અપેક્ષાએ અનેકાંત છે. કેમકે નય તો એક ધર્મને.

મુમુક્ષુ:- ધણી માર્મિક વાત છે, ધણી સારી વાત છે આમ સૌંદર્ય છે એમાં જૈન ધર્મનો.

ઉત્તર:- સૌંદર્ય સૌંદર્ય છે. જૈનદર્શનની ગહેરાઈ છે.

મુમુક્ષુ:- સર્વથા અનેકાંતવાદી નથી.

ઉત્તર:- નથી.

મુમુક્ષુ:- સર્વથા એકાંતવાદી પણ નહીં.

ઉત્તર:- નથી.

મુમુક્ષુ:- સર્વથા એકાંતવાદી તો નથી સર્વથા અનેકાંતવાદી પણ નથી.

ઉત્તર:- નથી. એ મૂળ છે એ, એ જે નયનો પ્રયોગ નથી કરતાં એ સર્વથા અનેકાંતવાદમાં અટકી ગયા, પ્રમાણનો પક્ષ જેને કહેવાય, પ્રમાણનો પક્ષ છે ઈ, એ અનેકાંત પ્રમાણ નથી એનું, પ્રમાણાભાસ છે. એમાંથી નય કાઢતાં ન આવડી, કેમકે અનેકાંતની સાધના પ્રમાણ અને નય બેથી થાય છે એકલા પ્રમાણથી અનેકાંતની સાધના થતી નથી, એમ કહેવા માંગે છે. "પ્રમાણનય સાધનમ્" અનેકાંત સિદ્ધ કરવા માટે પ્રમાણ અને નય બેયની જરૂર છે. એ સિવાય અનેકાંત સિદ્ધ નહીં થાય.

મુમુક્ષુ:- એકલા અનેકાંતનું પક્ષ તો મિથ્યા છે.

ઉત્તર:- મિથ્યાત્વ છે.

મુમુક્ષુ:- એ તો દ્રવ્ય-પર્યાયની એકતા થઈ એને.

ઉત્તર:- એકતા થઈ ગઈ.

મુમુક્ષુ:- એને શુધ્ધનય પ્રગટ જ ન થાય.

ઉત્તર:- ન થાય.

મુમુક્ષુ:- ભાઈ બહુ સારી વાત છે, ખરેખર. બહુ સારી વાત છે.

ઉત્તર:- સારી વાત છે. આ તો મેં ખૂબ વાંચીને મંથન કર્યું, ખૂબ. મને બહુ ગમ્યું આ. બધાયમાં લીટા કર્યા છે એકદમ મોટા મોટા.

મુમુક્ષુ:- અનેકાંતોપિ અનેકાંત:.

ઉત્તર:- અનેકાંતોપિ અનેકાંત:, આપણે કોઈ-કોઈ વાર લઈએ છીએ. **પ્રમાણ અને નય જેનાં સાધન છે એવું અનેકાંત પણ અનેકાંત સ્વરૂપ છે;** એકલા પ્રમાણથી અનેકાંત સિધ્ધ ન થાય. અનેકાંતને સિધ્ધ કરવા માટે નય અને પ્રમાણ બે જોઈએ કેમકે નયના સમૂહને પ્રમાણ કહેવાય. એક-એક ધર્મને જો તમે ગ્રહણ ન કરો તો અનંત ધર્મોનું જ્ઞાન નહીં થાય, એમ. નય એક ધર્મને ગ્રહણ કરે છે, પ્રમાણ સર્વગ્રાહી છે. એટલે પ્રમાણ અને નય બે દ્વારા અનેકાંત સિધ્ધ થાય, એમ. **પ્રમાણ અને નય જેનાં સાધન છે એવું અનેકાંત પણ અનેકાંત સ્વરૂપ છે; કેમકે સર્વાંશગ્રાહી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાંતસ્વરૂપ અને અંશગ્રાહી નયની અપેક્ષાએ વસ્તુ એકાંતસ્વરૂપ સિધ્ધ છે**.

**જૈન દર્શન અનુસાર એકાંત પણ બે પ્રકારે હોય છે-અને અનેકાંત પણ બે પ્રકારે હોય છે- જેમકે સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંત, સમ્યક્ અનેકાંત અને મિથ્યા અનેકાંત. નિરપેક્ષ નય મિથ્યા એકાંત છે અને સાપેક્ષ નય સમ્યક્ એકાંત છે**. સાપેક્ષનય સમ્યક્ એકાંત છે. **તથા સાપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ શ્રુતપ્રમાણ સમ્યક્ અનેકાંત છે અને નિરપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ પ્રમાણ, પ્રમાણાભાસ મિથ્યા અનેકાંત છે. અને નિરપેક્ષ નયોનો સમૂહ** પરસ્પર સાપેક્ષ ન લ્યે, એમ. એક જ ધર્મને ઉપાડી લ્યે આખું. જો પરસ્પર નિરપેક્ષ નયોનો સમૂહ અર્થાત્ પ્રમાણાભાસ મિથ્યાઅનેકાંત છે. **કહ્યું પણ છે**. **જે વસ્તુ અનેકાંતરૂપ છે તે જ સાપેક્ષ દૃષ્ટિએ એકાંતરૂપ પણ છે.**

મુમુક્ષુ:- સાપેક્ષ દૃષ્ટિથી?

ઉત્તર:- **જે વસ્તુ અનેકાંતરૂપ છે તે જ સાપેક્ષ દૃષ્ટિએ એકાંતરૂપ પણ છે. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ અનેકાંતરૂપ છે અને નયોની અપેક્ષાએ એકાંતરૂપ છે.** શ્રુતજ્ઞાન પ્રમાણની અપેક્ષાએ અનેકાંત વસ્તુ છે એને નયથી કહો તો એકાંત એક ધર્મને ગ્રહણ કરે છે. એવું પણ સ્વરૂપ છે એમ. **અપેક્ષા વિના વસ્તુનું સ્વરૂપ જાણવામાં આવી શકતું નથી.** એમ. અન્યમતિ સમ્યક્ એકાંતને બદલે મિથ્યા એકાંતમાં ચાલ્યા ગયા. એક ધર્મને અંગીકાર કર્યો એમ, એટલે એમાં ઘણાં ધર્મો ઉભા થઇ ગયા. સાપેક્ષનો ખ્યાલ ન આવ્યો.

સાપેક્ષ તો અનુભવીને ખ્યાલ આવે કેમકે સાપેક્ષમાં પ્રમાણજ્ઞાન અને પ્રમાણજ્ઞાનનો એક અંશ નય, પ્રમાણપૂર્વક નયથી પ્રયોગ કરે છે. આખું પ્રમાણનું અનંત ધર્મોનો તો ઈ જ્ઞાતા થઈ ગયો છે. પણ પ્રયોજન વશ એક ધર્મને મુખ્ય કરીને એક નયથી પ્રયોગ કરે છે કે આત્મા એક છે. એક જ છે આત્મા, સમજી ગયા? એક જ છે એ મિથ્યા એકાંત નથી કેમકે અનેક પણ છે, એના જ્ઞાનમાં છે.

મુમુક્ષુ:- જ્ઞાનમાં છે.

ઉત્તર:- હાં. અને અજ્ઞાનીના જ્ઞાનમાં એ નથી આવતું.

મુમુક્ષુ:- એ નથી આવતું.

ઉત્તર:- હાં. એક જ છે તો મિથ્યા એકાંત છે. એક જ છે એ નિરપેક્ષ નય મિથ્યાનય અને જયારે એનું અવલંબન લેવા માટે આત્મા અનેકરૂપ નથી અને એક જ એમ જ્ઞાની કહે ત્યારે એને જ્ઞાનના પ્રમાણમાં અનેકાંતનું જ્ઞાન વર્તે છે. અનેક ધર્મોનું જ્ઞાન વર્તે છે. એક પણ છે અને અનેક પણ છે. અત્યારે અનેકનું લક્ષ છોડાવી અને એકનું લક્ષ કરાવવું છે. એટલે જ્ઞાનીને કોઈ દોષ નથી લાગતો, એમ છે. પ્રમાણ પૂર્વક નય છે એને, અને અજ્ઞાનીને પ્રમાણજ્ઞાન થયું નથી એટલે નય જ્ઞાન ખોટું છે. પ્રમાણજ્ઞાન તો અનુભવકાળમાં થાય અને પ્રમાણજ્ઞાનમાં અનંત ધર્મને જાણી લીધા. જાણી લીધા પછી સવિકલ્પદશામાં આવે તો શિષ્યને સમજાવે, એમ. આત્મા અસ્તિરૂપ છે, આત્મા નાસ્તિરૂપ છે, આત્મા અગુરુલઘુવાળો છે, આમ છે, તેમ છે એ બધું કહે પણ અનંત ધર્મોને જાણે છે. જ્ઞાન આત્મામાં છે. જ્ઞાન લક્ષણ આત્માનું, તો જ્ઞાન લક્ષણમાં દર્શન, ચરિત્ર એના જ્ઞાનમાં છે, વર્તે છે એટલે મિથ્યા એકાંત નથી.

મુમુક્ષુ:- નથી થાતું, અનેકાંતનું જ્ઞાન સાથે વર્તે છે.

ઉત્તર:- વર્તે છે.

મુમુક્ષુ:- માટે એ સમ્યક્ એકાંત છે.

ઉત્તર:- સમ્યક્ એકાંત છે. જ્ઞાન લક્ષણ કહ્યું એટલે બીજા ગુણો નથી એમ થોડું છે? છે. એમ! પણ અસાધારણ લક્ષણથી બીજાને સમજાવે છે, એમ. આ તો સમુદ્ર છે.

**અનેકાંતમાં અનેકાંતની સિદ્ધિ કર્તા અકલંકદેવ લખે છે:- "જો અનેકાંતને અનેકાંત જ માનવામાં આવે અને એકાંતનો સર્વથા લોપ કરવામાં આવે**, જુઓ! અનેકાંતને અનેકાંતરૂપે જ માને અને એકાંતનો સર્વથા લોપ કરી દયે, એમ. **"જો અનેકાંતને અનેકાંત જ માનવામાં આવે અને એકાંતનો સર્વથા લોપ કરવામાં આવે તો સમ્યક્ એકાંતના અભાવમાં, શાખાદિના અભાવમાં વૃક્ષના અભાવની જેમ,** - પાંદડા અને ડાળી એ નયનો વિષય છે એને ઉડાડી દિયે તો ઝાડની સિદ્ધિ નહીં થાય એમ. એમ કહે છે. **શાખાદિના અભાવમાં વૃક્ષના અભાવની જેમ તત્સમુદાયરૂપ અનેકાંતનો પણ અભાવ થઈ જાય.** એકાંતનો પણ જે નિષેધ કરે છે તે અનેકાંતને પ્રાપ્ત ન કરી શકે. એટલે અનેકાંત માટે પણ તમારે એકાંતની સિદ્ધિ કરવી પડશે, એ સમ્યક્ એકાંત છે. આ વાત બહુ સરસ છે, સમજી ગયા?

મુમુક્ષુ:- આપ કહો છો ને કે નય પૂર્વક જ પ્રમાણ હોય.

ઉત્તર:- પ્રમાણ હોય છે, એ આ.

મુમુક્ષુ:- સમ્યક્ એકાંત પૂર્વક સમ્યક્ અનેકાંત થાય છે. એ વાત છે.

ઉત્તર:- સમ્યક્ અનેકાંત થાય છે, બસ. એ વાત છે. અમારે ચંદુભાઈને આ વાંધો મોટા ચાલે છે. તેઓ કહે છે કે પ્રમાણપૂર્વક નય થાય છે અને હું કહું છું નયપૂર્વક પ્રમાણ થાય છે.

મુમુક્ષુ:- આ તો અકલંકદેવે કીધું છે.

ઉત્તર:- અજ્ઞાનીને કાંઈ ખબર જ નથી, પ્રમાણનો પક્ષ છે ને. એટલે નયજ્ઞાનના પક્ષમાં પણ આવતો નથી. નયના પક્ષમાં નથી આવતો. નયના પક્ષમાં ન આવે તો પક્ષાતિક્રાંત ન થાય. પ્રમાણના પક્ષવાળો પક્ષાતિક્રાંત ન થાય. પણ નયના પક્ષવાળો, શુદ્ધનયના પક્ષવાળો પક્ષાતિક્રાંત થાય. અનુભવ થાય અને અનેકાંતનું જ્ઞાન થાય, એને જ થાય, એમ છે. એને જ વ્યવહારનું જ્ઞાન હોય એ વ્યવહાર એને જાણેલો પ્રયોજનવાન, આદરેલો પ્રયોજનવાન ન હોય.

હવે થોડું છે વાંચી લઉં. **તેથી જો એકાંત જ સ્વીકારી લેવામાં આવે તો પછી અવિનાભાવી ઈતર ધર્મોનો લોપ થઈ જતાં પ્રકૃત શેષનો પણ લોપ થઈ જવાથી સર્વ લોપનો પ્રસંગ પ્રાપ્ત થાય"**. આહાહા! અકલંકદેવની વાત - જો એકાંતનો લોપ કરશો તો અનેકાંતનો લોપ થઈ જશે. શાખાના લોપ કરશો તો ઝાડ નહીં રહે. શાખા છે, ડાળી છે, પાંદડા છે ઈ એક એક ધર્મ એમાં છે એવા અનંતધર્મોનો સમૂહ એ ઝાડ છે. એમ!

મુમુક્ષુ:- એક એકનું જ્ઞાન હોય એને જ આખાનું જ્ઞાન હોય.

ઉત્તર:- આખાનું જ્ઞાન હોય.

મુમુક્ષુ:- કેટલી સારી વાત છે.

ઉત્તર:- સારી વાત છે.

**સમ્યક્ એકાંત નય છે અને સમ્યક્ અનેકાંત પ્રમાણ. અનેકાંતવાદ સર્વ-નયાત્મક છે.** અનેકાંતવાદ સર્વ-નયાત્મક છે. **જે પ્રમાણે વિખરેલાં મોતીઓને એક દોરામાં પરોવી દેવાથી**, બીજો દાખલો આપ્યો, **મોતીઓનો સુંદર હાર બની જાય છે, તે જ પ્રમાણે ભિન્ન-ભિન્ન નયોંને સ્યાદ્વાદરૂપી સૂત્રમાં પરોવી દેવાથી સંપુર્ણ નય શ્રુતપ્રમાણ કહેવામાં આવે છે.**

ત્રીજું, **સ્યાદ્વાદ મંજરી**, એ સ્યાદ્વાદ મંજરીમાં છે આ. આહાહા! ખરેખર આ એ મહેનત કરે છે, પંડિત એની લેખન શક્તિ સારી છે. આ આમાંથી નીકળ્યું બધું.

**વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતનપણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું, ઇત્યાદિ (ધર્મ) તો ગુણ છે; અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે- જે અનંત છે. વળી,** હવે ધર્મની વાત કરી. **વળી વસ્તુમાં એકપણું,** જુઓ **અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે**, એ ગુણ નથી.

હવે, એના ઉપરથી વિચાર આવ્યો, આ વાંચતો હતો આજે બપોરે વાંચ્યું હતું એમાંથી વિચાર આવ્યો. એક જ્ઞાયકભાવ છે. એમ સમયસારમાં એક જ્ઞાયકભાવ, એક જ્ઞાયકભાવ, એક જ્ઞાયકભાવ, બહુ આવે છે. એ "એક" છે એ ધર્મ છે ગુણ નથી. જ્ઞાયકભાવ તો ગુણ છે. જ્ઞાયકભાવ તો ગુણ છે અને એક એનો ધર્મ છે. એટલે એવી ખૂબી મૂકી એને કે એક ધર્મ છે અને જ્ઞાયકભાવ એનો

ગુણ છે એટલે અનંતગુણ અને અનંતધર્મનું એને જ્ઞાન થઇ ગયું. જ્ઞાયકભાવ તે એનો અસાધારણ જીવનો અસાધારણ જાણવું જાણવું એનો અસાધારણ ગુણ છે, સ્વભાવ છે. અને એક ધર્મ છે. એક ધર્મવાળો જ્ઞાયકભાવ છે, તો એક છે તો એની સામે ગુણો અનંત છે, અનેક છે. પર્યાય અનેક છે. એક ધર્મની સામે બીજા અનંત ધર્મો આવી ગયા. એક ગુણથી વાત કરીને એક ધર્મથી વાત કરી. ધર્મમાં એક શબ્દ વાપર્યો. નિત્ય-અનિત્ય શબ્દ ન વાપર્યો. એક વાપર્યો અને જ્ઞાયકમાં એક ગુણ વાપર્યો જ્ઞાન ગુણ. એટલે ગુણ અને ધર્મ એક જ્ઞાયકને જાણે છે એ અનંત ગુણ અને અનંત ધર્મને જાણી લ્યે છે. એમ મારું કહેવું છે. એ વિચાર આવ્યો.

એક જ્ઞાયકભાવ છે એક જ્ઞાયકભાવ છે એ તો વારંવાર સમયસારમાં આવે છે. નિર્જરા અધિકારમાં પણ આવે છે. "એક" ધર્મનો ધોતક છે અને "જ્ઞાયક" ગુણનો ધોતક છે. એમાં આખુંરૂપ આવી ગયું, એમ મારું કહેવું છે.

મુમુક્ષુ:- અનંત ગુણાત્મક ને અનંત ધર્માત્મક આખી વસ્તુનું જ્ઞાન થઇ ગયુ.

ઉત્તર:- જ્ઞાન થઇ ગયુ, એમ. આ પ્રશ્ન આવ્યો હતો ગુરૂદેવની સામે કે અનંત ગુણનો પિંડ અને અનંત ધર્મનો પિંડ એ દૃષ્ટિનો વિષય કે નહીં? ગુરૂદેવની સામે હું બેઠો હતો, રાત્રે પ્રશ્ન આવ્યો. બાહર ગામનો કોઈ હતો, અભ્યાસી હતો બિચારો, સમજવા માટે પ્રશ્ન કર્યો તો કે દૃષ્ટિના વિષયમાં એકલા અનંત ગુણનો પિંડ આત્મા આવે કે એમાં અનંતધર્મ પણ સાથે આવી જાય? દૃષ્ટિના વિષયમાં. જ્ઞાનના વિષયમાં આ પ્રશ્ન નથી. તો એક વખત તો જરાક ગુરુદેવ અચકાઈ ગયા જરાક. સીધો જવાબ ન આપ્યો, થોભી ગયા. પછી થોડીક વાર પછી કહ્યું એકલા ગુણો, ધર્મો ન લેવાય એમાં. બીજે દિવસે વધારે ખુલાસો કર્યો, બીજે દિવસે વધારે ખુલાસો કર્યો, ઘોળાતું હોય ને એને. પણ "એક" જ્ઞાયકભાવ છે ને એટલે...

મુમુક્ષુ:- એમાં બધુ આવી ગયું.

ઉત્તર:- નહીં! ("એક" જ્ઞાયકભાવ છે ને) એટલે એને વિચાર કરવો પડ્યો.

મુમુક્ષુ:- હેતુસર છે ને.

ઉત્તર:- એમ હેતુસર.

મુમુક્ષુ:- સમજ ગઈ, "એક" છે તે ધર્મ છે.

ઉત્તર:- ધર્મ છે તો અપેક્ષિત ધર્મ પણ દૃષ્ટિના વિષયમાં આવે કે ન આવે? કે ન આવે, સમજી ગયા? મારી પાસે પ્રશ્નો આવ્યા હતા એ, એનો મેં બીજી રીતે જવાબ આપ્યો હતો. મેં કહ્યુ અનંત ગુણનો પિંડ તે આત્મા, તો અનંત ગુણની અનંત પર્યાયો પણ થાય છે, તો એ અનંત ગુણને વિષય કરનારી પર્યાય એ એમાં અભેદ થાય છે પણ ધર્મોનો પર્યાય કોઈ ન હોય માટે એનો (દૃષ્ટિનો) વિષય જ નથી, દૃષ્ટિના વિષયમાં ધર્મો આવે જ નહીં. ગુણ હોય એની પર્યાય હોય. અને એની પર્યાય એને આશ્રયે થાય એમાંથી આવે અને એમાં જાય પણ એક-અનેક, શુદ્ધ-અશુદ્ધ, ભેદ-અભેદ, એ તો અપેક્ષિત ધર્મો છે, કોઈ દ્રવ્ય અપેક્ષિત ધર્મ, કોઈ પર્યાય અપેક્ષિત ધર્મ, બસ બે પ્રકાર. એકપણું છે દ્રવ્ય અપેક્ષિત ધર્મ છે. દ્રવ્ય એક હોય અને અનેક, પર્યાયો અનેક. એ પર્યાય અપેક્ષિત ધર્મ છે. એટલે ધર્મોનો સમૂહ તે દૃષ્ટિનો વિષય નથી. ધર્મોનો ને ગુણોનો સમૂહ જ્ઞાનનો વિષય થાય. પ્રમાણજ્ઞાનના

વિષયમાં આવે બધું, એમ.

મુમુક્ષુઃ- "એક" જ્ઞાયકભાવ લીધોને એ દૃષ્ટિનો વિષય?

ઉત્તરઃ- એ જ આપણી ચર્ચા ચાલે છે, એ જ ચર્ચા થઇ કે જ્ઞાયકભાવ તે દૃષ્ટિનો વિષય. એમ. પણ "એક" વિશેષણ અનેકનો નિષેધ કરવા માટે છે એટલે "એક" જ્ઞાયકભાવ છું એમાં કોઈ વાંધો નથી.

મુમુક્ષુઃ- તો કોઈ કહે કે પર્યાય સાપેક્ષ ધર્મ નહીં આવે દૃષ્ટિના વિષયમાં પણ દ્રવ્ય સાપેક્ષ ધર્મ દૃષ્ટિના વિષય માં આવી શકે કે નહીં?

ઉત્તરઃ- નહીં આવે બિલકુલ. "એક" છે એ દ્રવ્ય સાપેક્ષ ધર્મ છે, એ "એક" પણ ન આવે એમાં. હવે "એક" આવે, આવે દાખલા તરીકે "એક" લ્યો તમે તો જેનું અવલંબન લ્યે એની પર્યાય હોવી જોઈએ. અનંત ગુણ અને અનંત ગુણની પર્યાય પોતાના ગુણ પ્રધાન અભેદનું અવલંબન લ્યે છે તો એ કાંઇ એક ધર્મને અવલંબન કોણ લ્યે? એની પર્યાય જ થતી નથી તો અવલંબન કોણ લ્યે? ધર્મોની પર્યાય નથીને બેન? પર્યાય હોય તો એનો અવલંબન લ્યે. શુધ્ધ અને અશુધ્ધ બે ધર્મ છે લ્યો, આમાં આવશે શુધ્ધ ને અશુધ્ધ બે ધર્મો, તો એ દૃષ્ટિનો વિષય છે?

મુમુક્ષુઃ- નહીં.

ઉત્તરઃ- ખલાસ થઇ ગઈ વાત. શુધ્ધ અને અશુધ્ધથી ઉપાડો તો એકદમ ફેંસલો થઇ જાશે. તે ધર્મો છે. શુધ્ધ છે ઈ દ્રવ્ય અપેક્ષિત ધર્મ, અશુધ્ધ છે એ પર્યાય અપેક્ષિત ધર્મ. તે બે ધર્મો છે એ કાંઈ દૃષ્ટિનો વિષય થાય?

સજ્જળ ન્યાય તો એ છે- કે પર્યાય-ગુણનું ભેદ, અભેદનો અવલંબન લ્યે છે ત્યારે પર્યાય શુધ્ધ થાય છે. તો એક-અનેક, ભેદ-અભેદ એ તો ધર્મો છે નિત્ય-અનિત્ય એનું અવલંબન કોણ લ્યે? એ તો જ્ઞાનનો વિષય થઇ ગયો, જાણવાનો બસ. દૃષ્ટિના વિષયમાં એકલા ગુણો જ લેવા.

**પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે-જે જ્ઞાનગમ્ય છે. આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે. આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે,** જુઓ મૂળમાં હતું ને જે અસાધારણ શબ્દ વાપર્યો હતો. સજાતીય-વિજાતીય એનો હવે ખુલાસો કરે છે. **આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે, બીજા અચેતન દ્રવ્યોમાં નથી**, માટે અસાધારણ. **સજાતીય જીવ દ્રવ્યો અનંત છે**. **સજાતીય** પોતાની જાતવાળા **જીવ દ્રવ્યો અનંત છે તેમનામાંય જોકે ચેતનપણું છે તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું-જુદું કહ્યું છે કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી. આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે**. **આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે અને દેખાડે છે**. જ્ઞાન અને શબ્દબ્રહ્મ. **એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે 'સદા પ્રકાશરૂપ રહો' એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે.** લ્યો થઈ ગયો વખત પૂરો, આજનો સ્વાધ્યાય.

ૐ